# 2 બાળવિકાસના મુખ્ય સિદ્ધાંતો

"વ્યક્તિના જીવનમાં કોઈ એક તબક્કો સંક્રાન્તિકાળ આવે છે, જે વ્યક્તિની પરિપક્વતા અને સામાજિક જરૂરિયાતના ફળસ્વરૂપે વ્યક્તિમાં ઉદ્‌ભવે છે."

**– એરિક એરિક્સન**

**અભ્યાસક્રમ**

- નોવિશ્લેષણાત્મક અભિગમ
  - ફ્રોઇડનો સિદ્ધાંત
  - એરિક્સનનો સિદ્ધાંત
- વર્તનવાદ અને સામાજિક શિક્ષણનો સિદ્ધાંત
  - પરંપરાગત વર્તનવાદ
  - સામાજિક શિક્ષણનો સિદ્ધાંત
  - વર્તનવાદ અને સામાજિક શિક્ષણના સિદ્ધાંતનું પ્રદાન અને તેની મર્યાદાઓ
- પિયાજેનો બોધાત્મક અને વિકાસાત્મક સિદ્ધાંત

**પ્રશ્નબેંક**

1. • ફ્રોઇડના મનોવિશ્લેષણાત્મક સિદ્ધાંતની સમજૂતી આપો.
   • ફ્રોઈડે દર્શાવેલા વ્યક્તિત્વ બંધારણની ચર્ચા કરો.
   • ફ્રોઈડે દર્શાવેલા મનોજાતીય વિકાસના તબક્કાઓ વર્ણવો.
2. એરિક્સને દર્શાવેલ વ્યક્તિના વિકાસની અવસ્થાઓ (તબક્કાઓ) વર્ણવો.
3. પરંપરાગત વર્તનવાદ અને સામાજિક શિક્ષણના સિદ્ધાંતની ચર્ચા કરો.
4. • પિયાજેએ દર્શાવેલા બોધાત્મક વિકાસના તબક્કાઓ ચર્ચો.
   • પિયાજેએ આપેલ બોધાત્મક અને વિકાસાત્મક સિદ્ધાંતની ચર્ચા કરો.

**પ્રકરણસાર**

પ્રસ્તુત પ્રકરણમાં બાળકોના વિકાસ અંગેની સમજ આપવામાં આવી છે.

જુદા-જુદા મનોવૈજ્ઞાનિકોએ બાળકના વર્તનના વિકાસ માટે જે-જે સિદ્ધાંતોની રચના કરી છે, તેની સમજ આપવામાં આવી છે, જેમાં ફ્રોઈડનો મનોવિશ્લેષણનો સિદ્ધાંત, એરિક્સને આપેલા બાળવિકાસના તબક્કાઓ, બાળવિકાસમાં વર્તનવાદ અને સામાજિક શિક્ષણના સિદ્ધાંતનું પ્રદાન તથા છેલ્લે પિયાજેએ દર્શાવેલા બાળવિકાસના બોધાત્મક વિકાસના તબક્કાઓનો સમાવેશ થાય છે. સાથે-સાથે આ સિદ્ધાંતો સાથે અન્ય મનોવૈજ્ઞાનિકો સંમત છે કે તેમાં મતભેદો પ્રવર્તે છે, તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. એકંદરે બાળવિકાસ માટેની બાળકની જુદી-જુદી ઉંમરની અવસ્થામાં બાળકનું વર્તન કેવું હશે, તેવી સમજ આ પ્રકરણમાં આપવામાં આવી છે.

## ☐ પારિભાષિક શબ્દો ☐

**મનોવિશ્લેષણ અભિગમ (Psychoanalylic Perspective) :** બાળકના માનસિક વિકાસ અંગે ડૉ. સિગ્મંડ ફ્રોઈડે રજૂ કરેલો સિદ્ધાંત એ મનોવિશ્લેષણનો સિદ્ધાંત કહેવાય છે.

**ઈડ (Id) :** વ્યક્તિમાં રહેલી જન્મજાત શક્તિ.

**અહમ્ (Ego) :** બાળકને વાતાવરણની વાસ્તવિકતાનું દર્શન કરાવતી માનસિક પરિસ્થિતિ.

**ઉપરી અહમ્ (Super Ego) :** વ્યક્તિત્વમાં નૈતિક મૂલ્યોનું સિંચન અને સમજ કરાવતી અવસ્થા.

**મુખ અવસ્થા (Oral Stage) :** બાળકના જન્મથી એક વર્ષ સુધીની અવસ્થા કે જેમાં બાળક દરેક વસ્તુ મોંમાં મૂકીને મનોજાતીય આનંદ મેળવે છે.

**ગુદા અવસ્થા (Anal Stage) :** બાળકના જન્મ પછી 1 થી 3 વર્ષની અવસ્થા કે જેમાં બાળક ગુદાક્ષેત્ર દ્વારા મનોજાતીય આનંદ મેળવે છે.

**લિંગ અવસ્થા (Phallic Stage) :** ફ્રોઈડ મુજબ, બાળકના જીવનના 3 થી 6 વર્ષનો ગાળો કે જેમાં મનોજાતીય કામુકતાનું ક્ષેત્ર જનેન્દ્રિય (genital) હોય છે.

**સુષુપ્તાવસ્થા (Latency Stage) :** 6 થી 11 વર્ષની આ અવસ્થામાં બાળક વિવિધ કૌશલ્યો તરફ ધ્યાન ખસેડે છે.

**પુખ્ત જાતીયતાની અવસ્થા (Mature Stage) :** જીવનના 11 વર્ષ પછીની

આ અવસ્થામાં વ્યક્તિ વિજાતીય આકર્ષણ અનુભવે છે.

**સાંવેદનિક-સ્નાયવિક તબક્કો (Sensorimotior Stage) :** પિયાજેએ દર્શાવેલા બાળકના બોધાત્મક વિકાસ તબક્કાનો પ્રથમ તબક્કો જે જન્મથી 2 વર્ષ સુધીનો હોય છે.

**પૂર્વ ક્રિયાત્મક તબક્કો (Pro-Operational Stage) :** પિયાજે મુજબ, બાળકના વિકાસનો આ દ્વિતીય તબક્કો છે, જે 2 થી 7 વર્ષના ગાળામાં જોવા મળે છે.

**ક્રિયાત્મક તબક્કો (Operational Stage) :** બાળકના વિકાસનો આ તૃતીય તબક્કો છે, જેને પિયાજે બે વિભાગમાં સમજાવે છે. આ તબક્કો 7થી વધુ વર્ષ સુધીનો છે.

**પદાર્થલક્ષી ક્રિયાત્મક તબક્કો (Concreter Operational Stage) :** આ તબક્કો 7 થી 12 વર્ષનો હોય છે, જેમાં બાળક પદાર્થના વજન, દળ વગેરેનું ભેદબોધન કરી શકે છે.

**આકૃતિક ક્રિયાત્મક તબક્કો (Formal Operational Stage) :** આ તબક્કો 12 વર્ષ પછીનો હોય છે, જેમાં બાળકમાં અમૂર્ત તર્કક્રિયાનો વિકાસ થાય છે.

## [1] મનોવિશ્લેષણાત્મક અભિગમ

**☐ પ્રશ્ન 1. ફ્રોઈડના મનોવિશ્લેષણાત્મક સિદ્ધાંતની સમજૂતી આપો.**

**અથવા**

**ફ્રોઈડે દર્શાવેલ વ્યક્તિત્વ બંધારણ (ઈડ, અહમ્ અને ઉપરી અહમ્)ની ચર્ચા કરો.**

**અથવા**

**ફ્રોઈડે દર્શાવેલા મનોજાતીય વિકાસના તબક્કાઓ વર્ણવો.**

**જવાબના મુદ્દાઓ**

(1) પ્રાસ્તાવિક (2) વ્યક્તિત્વ બંધારણ (i) ઈડ (ii) ઈગો (iii) સુપર ઈગો (3) વ્યક્તિત્વ વિકાસ (4) મનોજાતીય વિકાસના તબક્કા (i) મુખ અવસ્થા (ii) ગુદા અવસ્થા (iii) લૈંગિક અવસ્થા (iv) સુષુપ્ત અવસ્થા (v) પુખ્ત જાતીયતાની અવસ્થા

### [1] પ્રાસ્તાવિક

મનોવિશ્લેષણાત્મક અભિગમ એ વ્યક્તિત્વ સમજવા માટેનો સૌથી પહેલો પ્રયાસ હતો, જે સિગ્મંડ ફ્રોઈડ નામના મનોવૈજ્ઞાનિકે રજૂ કર્યો. ફ્રોઈડ મુજબ, વ્યક્તિત્વ સમજવા માટે તેની અચેતન ઇચ્છાઓ, જાતીયતાના વિચારો, આક્રમકતા, બાળપણના સંઘર્ષો વગેરેની જાણકારી મેળવવી પડે છે. આ અભિગમ ચિકિત્સાત્મક પુરાવાઓના આધારે રચાયેલો હોવાથી તેને ચિકિત્સાત્મક અભિગમ કહેવામાં આવે છે.

### [2] વ્યક્તિત્વ બંધારણ

ફ્રોઈડ મુજબ, વ્યક્તિત્વનું બંધારણ ઇડ, અહમ્ અને ઉપરી અહમ્ દ્વારા થાય છે. દરેકને પોતાનું કાર્ય છે, પરંતુ આ ત્રણે વર્તનના નિયંત્રણ માટે આંતરક્રિયા કરે છે.

**(I) ઇડ (Id) :**

ઇડ એ વ્યક્તિમાં જન્મજાત હોય છે. તે વ્યક્તિત્વનું ઉદ્‌ગમસ્થાન કહેવાય છે. નવજાત શિશુમાં જન્મ સમયે ઇડ હાજર હોય છે. ધીરે-ધીરે તેનામાં અહમ્ અને ઉપરી અહમ્‌નો વિકાસ થાય છે. ઇડ લગભગ અચેતન અવસ્થા છે, **જેની પ્રવૃત્તિઓ ફક્ત સુખ મેળવવા પર જ કેન્દ્રિત થયેલી હોય છે.** ઇડ સારું-ખરાબ, ઉચિત-અનુચિત વિવેક-અવિવેક, સમય-સંજોગો વગેરેનું ધ્યાન આપ્યા વિના માત્ર પોતાના સુખનો જ વિચાર કરે છે. જેમકે નાનું બાળક પોતાની જરૂરિયાતોની તૃપ્તિ માટે ફક્ત રડવાનું વર્તન કરે છે, રડવાથી પોતાના માટે 'સુખ'ની પરિસ્થિતિ ઉદ્‌ભવશે, આથી તે જરૂરિયાત તૃપ્તિ માટે રડે છે. ઇડ મુખ્યત્વે બે પ્રકારની પ્રયુક્તિઓને અપનાવે છે: (i) સહજ પ્રક્રિયા (ii) પ્રાથમિક પ્રક્રિયા. સહજ પ્રક્રિયામાં ઇડ પોતાની મેળે જ પ્રતિક્રિયા કરી તણાવ ઓછો કરે છે. જેમકે ઉધરસ ખાવી, છીંક ખાવી, આંખ પટપટાવવી, વગેરે. પ્રાથમિક પ્રક્રિયામાં વ્યક્તિ જરૂરિયાતના સંતોષની ઇચ્છા કે વિચારો કરીને સંતોષ મેળવે છે. જેમકે, બે દિવસથી ભૂખી રહેલી વ્યક્તિ જમવાના વિચારો કરીને સંતોષ મેળવે છે.

ફ્રોઈડ જણાવે છે કે વ્યક્તિ જે સપનાં જુએ છે કે કલ્પનાઓ કરે છે, તે પણ તેની ઇડની જરૂરિયાતોને સંતોષરૂપ હોય છે. ફ્રોઈડ મુજબ તો તીવ્ર મનોવિકૃતિઓવાળા દર્દીના મતિભ્રમો પણ ઇચ્છાપૂર્તિનો સંતોષ જ હોય છે.

(2) ઈગો (Ego) :

જન્મ પછી થોડા દિવસો સુધી બાળકમાં ઇડની પ્રવૃત્તિઓનું નિયંત્રણ હોય છે. ત્યારબાદ ધીરે-ધીરે બાળકમાં અહમ્‌નો વિકાસ થાય છે. ઇડની પ્રવૃત્તિમાં બાળક માનસિક કલ્પના કરીને પોતાની ઇચ્છાઓનો સંતોષ મેળવે છે, પરંતુ હકીકતમાં આ રીતે ઇચ્છાતૃપ્તિ થતી નથી. અહમ્ વ્યક્તિમાં વાસ્તવિકતાનું દર્શન કરાવે છે. અહમ્ જ્યાં સુધી વાતાવરણને યોગ્ય પરિસ્થિતિ ન ઉદ્‌ભવે ત્યાં સુધી તણાવ ઓછો કરવાનું વિલંબિત કરે છે. જેમકે, યુવાન વયની વ્યક્તિમાં જાતીય વૃત્તિ ઉદ્‌ભવે, પરંતુ અહમ્ જ્યાં સુધી વાસ્તવિક પરિસ્થિતિ જાતીય સંતોષને યોગ્ય ન બને ત્યાં સુધી પ્રેરણાનો સંતોષ મુલતવી રાખે છે. આમ, અહમ્ એ વાસ્તવિકતાના સિદ્ધાંત દ્વારા નિયંત્રિત થતું હોય છે અને તેને વ્યક્તિત્વની કાર્યપાલક શાખા પણ કહી શકાય.

(3) ઉપરી ઈગો (Super Ego) :

બાળક જેમ-જેમ મોટું થતું જાય, તેમ-તેમ માતા-પિતા સાથેના તાદાત્મ્યના કારણે ઉચિત-અનુચિત, યોગ્ય-અયોગ્ય, સારું-ખરાબ વગેરેનું શિક્ષણ મેળવે છે. ઉપરી અહમ્ એ વ્યક્તિત્વની નૈતિક શાખા છે, તે આદર્શવાદી સિદ્ધાંતોને અનુસરે છે. આમ, સાચું શું છે કે ખોટું શું છે તે ઉપરી અહમ્ નક્કી કરે છે. ઇડ-ઇગો અને સુપર ઇગોના વિકાસનો ક્રમ જોઈએ તો ઇડ માત્ર સુખ અને આનંદ શોધે છે, ઇગો વાસ્તવિકતાને ચકાસે છે, જ્યારે સુપર ઇગો માતાપિતાએ આપેલ પ્રબલન દ્વારા વિકાસ પામે છે.

માતા-પિતા બાળકને શિક્ષણ આપે છે, યોગ્ય-અયોગ્યની સમજ આપે છે. આમ, બાળકનો અંતરાત્મ વિકાસ પામે છે. જ્યારે બાળક સર્જનાત્મક કાર્ય કરે છે તો બદલો મળે છે, તો અનૈતિક કામ કરે છે ત્યારે શિક્ષા થાય છે. આ બદલો અને શિક્ષા દ્વારા ધીરે ધીરે ઉપરી અહમ્‌નો વિકાસ થાય છે. બાળકને શરૂઆતમાં 'આમ કરાય, આમ ન કરાય' એવું કહેવું પડતું નથી. બાળક જાતે જ પોતાના સુપર ઇગોના વિકાસથી ચોરી નહિ કરવાનું વર્તન કરે છે.

આમ, ઇડ, ઇગો અને સુપર ઇગોના વિકાસ અને નિયમન દ્વારા વ્યક્તિત્વમાં સુગ્રથિત વર્તન ઉદ્‌ભવે છે. સંઘર્ષની સ્થિતિમાં કેટલીક વાર ઇડ-ઇગો-સુપર ઇગો એકબીજાના વિરોધી બની જાય છે, તો નૈતિક મૂલ્યોના વિકાસ બાદ વ્યક્તિત્વના સમાજમાન્ય વર્તનમાં મદદરૂપ પણ બને છે.

### [3] વ્યક્તિત્વ વિકાસ

ફ્રોઇડ વ્યક્તિત્વના વિકાસમાં જીવનનાં પ્રથમ પાંચ વર્ષને ખૂબ જ મહત્ત્વના ગણે છે. તેઓ જણાવે છે કે વ્યક્તિ આ સમય દરમિયાન પાંચ વિવિધ તબક્કાઓમાંથી પસાર થાય છે. આ તબક્કાઓને ફ્રોઇડ મનોજાતીય વિકાસના તબક્કા એવું નામ આપે છે.

### [4] મનોજાતીય વિકાસના તબક્કા

ફ્રોઇડ મનોજાતીય વિકાસના પાંચ તબક્કા નીચે મુજબ જણાવે છે :

| મનોજાતીય વિકાસના તબક્કા | લગભગ વય |
|---|---|
| મુખ અવસ્થા | જન્મથી 1 વર્ષ |
| ગુદા અવસ્થા | 1 થી 3 વર્ષ |
| લૈંગિક અવસ્થા | 3 થી 6 વર્ષ |
| સુષુપ્ત અવસ્થા | 6 થી 11 વર્ષ |
| પુખ્ત જાતીયતાની અવસ્થા | 11 થી વધુ વધુ |

**(1) મુખ અવસ્થા (Oral Stage) :**

જન્મથી શરૂ કરીને એક વર્ષ સુધીની વિકાસની અવસ્થાને ફ્રોઇડ મુખ અવસ્થાનો તબક્કો ગણાવે છે. આ અવસ્થામાં આનંદ મેળવવા માટેનું ક્ષેત્ર મોંમાં હોય છે. બાળક સ્તનપાન કરવું, અંગૂઠો ચૂસવો, હોઠ ચૂસવા, જડબાથી કોઈ વસ્તુ દબાવવી, કોઈપણ વસ્તુ મોંમાં નાંખીને આનંદ મેળવવો, વગેરે વર્તન કરે છે.

ફ્રોઇડ જણાવે છે કે મુખ અવસ્થામાં બાળક ક્યાં તો ઓછી ઉત્તેજના અનુભવે છે અથવા વધુ ઉત્તેજિત થાય છે. આ ઉત્તેજનાના સંદર્ભમાં તેનામાં પુખ્ત વયે બે પ્રકારનું વ્યક્તિત્વ વિકાસ પામે છે :

(1) મુખ નિષ્ક્રિય વ્યક્તિત્વ અને

(2) મુખ આક્રમક વ્યક્તિત્વ

મુખ નિષ્ક્રિય વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિ આશાવાદી અને અન્ય વ્યક્તિ પર વિશ્વાસ ધરાવતી જોવા મળે છે, તે અન્ય વ્યક્તિ પર નિર્ભર હોય છે, તે નિષ્ક્રિયતાના ગુણો ધરાવે છે. જ્યારે મુખ આક્રમકતા ધરાવતી વ્યક્તિ પોતાની જરૂરિયાતોની તૃપ્તિ માટે અન્ય પર પ્રભુત્વ ધરાવે છે, અન્યનું શોષણ કરતી જોવા મળે છે અને પરપીડન જેવી વિકૃતિ ધરાવે છે.

આમ, જન્મથી એક વર્ષનો આ મુખ અવસ્થાનો તબક્કો ફ્રોઇડના જણાવ્યા મુજબ, પુખ્તવયે વ્યક્તિત્વ બંધારણમાં અગત્યનો ભાગ ભજવે છે.

**(2) ગુદા અવસ્થા (Anal Stage) :**

ફ્રોઇડ જન્મ પછી 1 થી 3 વર્ષની વયના વિકાસને ગુદા અવસ્થાનો તબક્કો ગણાવે છે. આ સમય દરમિયાન બાળકને મળ-મૂત્રવિસર્જનની તાલીમ આપવામાં આવે છે. તેમાં માતા-પિતા દ્વારા કડક નિયમો બાળકે અનુસરવાના હોય છે. કેટલાંક માતા-પિતા આ બાબતમાં હળવાં નિયંત્રણો રાખે છે, તો કેટલાંક માતાપિતા ચુસ્ત નિયંત્રણો ધરાવે છે. બાળક આ વય દરમિયાન ગુદાક્ષેત્ર દ્વારા કામુકતાનો અનુભવ કરે છે. તે મળ-મૂત્રત્યાગની ક્રિયા દ્વારા આનંદ મેળવે છે.

ફ્રોઇડ જણાવે છે કે આ અવસ્થામાં ઓછી કે અધિક ઉત્તેજના દ્વારા વ્યક્તિ પુખ્તવયે બે પ્રકારના વ્યક્તિત્વ અનુભવે છે :

(1) **ગુદા આક્રમક વ્યક્તિત્વ :** જેમાં વ્યક્તિ સ્વભાવે ક્રૂર, વિનાશક, દ્વેષભાવવાળા હોય છે.

(2) **ગુદા ધારણાત્મક વ્યક્તિત્વ :** જેમાં વ્યક્તિ જિદ્દી, કંજૂસ, સમયનિષ્ઠ વગેરે ગુણોવાળા થાય છે.

**(3) લિંગ અવસ્થા (Phallic Stage) :**

મનોજાતીય વિકાસનો આ ત્રીજો તબક્કો છે, જેમાં વ્યક્તિના જીવનનાં ત્રણથી છ વર્ષ સુધીની વયનો સમાવેશ થાય છે. આ સમયમાં બાળકની કામુકતાનું ક્ષેત્ર જનેન્દ્રિય (genital) હોય છે. ફ્રોઇડ મુજબ, પ્રત્યેક છોકરામાં આ અવસ્થામાં માતૃ-મનોગ્રંથિ (Oedipus Complex) અને દરેક છોકરીમાં પિતૃ-મનોગ્રંથિ (Electra Complex)નો વિકાસ થાય છે. આ બંને ગ્રંથિઓ સાર્વત્રિક રીતે જોવા મળે છે.

ઓડિપસ ગ્રંથિમાં છોકરો પોતાની માતાને પ્રેમ કરે છે અને પિતાની ધૃણા કરે છે. જ્યારે ઇલેક્ટ્રા ગ્રંથિમાં છોકરી પોતાના પિતાને પ્રેમ કરે છે અને માતાની ધૃણા કરે છે. ફ્રોઇડ જણાવે છે કે જે છોકરાઓના મનોજાતીય વિકાસનું સ્થિરીકરણ આ તબક્કામાં થાય છે, તેઓ પુખ્તવયે ઉતાવળિયા, ઉચ્ચ મહત્ત્વાકાંક્ષી, શેખચલ્લીના સ્વભાવવાળા વગેરે ગુણો ધરાવે છે. તથા જે છોકરીના મનોજાતીય વિકાસનું સ્થિરીકરણ આ તબક્કામાં થાય છે તે છોકરી સ્વચ્છંદી, વધુ પ્રેમસંબંધોવાળી, અલ્લડ સ્વભાવવાળી વગેરે ગુણો જોવા મળે છે.

**(4) સુષુપ્તાવસ્થા (Latency Stage) :**

મનોજાતીય વિકાસની આ અવસ્થા 6 વર્ષથી 11 વર્ષ સુધીની હોય છે. લૈંગિક

તબક્કા પછી 'સુષુપ્ત' અવસ્થાનો તબક્કો શરૂ થાય છે. આ સમયગાળા દરમિયાન બાળકમાં જાતીય ઇચ્છાનું કોઈ નવું ક્ષેત્ર વિકાસ પામતું નથી, પરંતુ જાતીય ઇચ્છા સુષુપ્ત બની જાય છે. તેના બદલે બાળકો વાતાવરણ સાથે મેળ બેસાડવા શિક્ષણ, ચિત્રકળા, રમત-ગમત વગેરે કલાકૌશલ્યો તરફ પોતાનું ધ્યાન વાળે છે.

**(5) પુખ્ત જાતીયતાની અવસ્થા (Mature Stage) :**

ફ્રોઇડ મુજબ મનોજાતીય વિકાસની આ છેલ્લી અવસ્થા 11 વર્ષ પછી આવે છે. તરુણાવસ્થા અને પુખ્તાવસ્થા સુધી આ અવસ્થાના વિકાસનો ગાળો ગણાય છે. આ અવસ્થાની શરૂઆતમાં વ્યક્તિ પોતાની જાતિની વ્યક્તિ સાથે જ રહેવાની ઇચ્છા ધરાવે છે. ફ્રોઇડ તેને સજાતીય વૃત્તિ તરીકે ગણાવે છે. ફ્રોઇડ એમ કહે છે કે આ તબક્કાની શરૂઆતમાં દરેક વ્યક્તિ સજાતીયતા અનુભવે છે, પરંતુ ધીરે-ધીરે વિજાતીયતાનો વિકાસ થાય છે. વિજાતીય પાત્રની પસંદગી પછી વ્યક્તિ પુખ્ત અને પરિપક્વ પ્રેમ કરતાં શીખે છે.

આમ, ફ્રોઇડ બાળકના મનોજાતીય વિકાસના તબક્કાઓ દર્શાવીને તેના વ્યક્તિત્વની પુખ્તઅવસ્થાએ થતી અસરો વિશે સમજ આપે છે. જોકે કેટલાક નવ્ય મનોવિશ્લેષણવાદીઓ ફ્રોઇડના આ તબક્કાવાર વિશ્લેષણમાં સુધારા સૂચવે છે. છતાં આ ક્ષેત્રમાં આવું તબક્કા સહિત વિશ્લેષણ દર્શાવનાર સિગ્મંડ ફ્રોઇડ પ્રથમ હતા, જેથી બાળકના મનોજાતીય વિકાસની સમજ પ્રાપ્ત થઈ.

## [2] એરિકસને દર્શાવેલા જીવન વિકાસના તબક્કાઓ

**□ પ્રશ્ન 2. એરિકસને દર્શાવેલ વ્યક્તિના વિકાસની અવસ્થાઓ વર્ણવો.**

**અથવા**

**એરિકસને દર્શાવેલ જીવન વિકાસના તબક્કાઓ સમજાવો.**

**જવાબના મુદ્દાઓ**

(1) પ્રાસ્તાવિક (2) વ્યક્તિત્વના વિકાસ અંગેનો મનોસામાજિક સિદ્ધાંત (3) વિકાસની અવસ્થાઓ (વિકાસના તબક્કાઓ) (4) ઉપસંહાર

### [1] પ્રાસ્તાવિક

એરિક એરિકસને ફ્રોઇડના વિચારોથી થોડા દૂર જઈને વ્યક્તિત્વનો સામાજિક-ઐતિહાસિક રૂપમાં સ્વીકાર કરીને મનોસામાજિક સિદ્ધાંત આપ્યો છે.

એરિકસન જણાવે છે કે વ્યક્તિત્વ વિકાસમાં કેટલીક અવસ્થાઓ પૂર્વનિશ્ચિત અને સાર્વત્રિક હોય છે. એરિકસન મનોસામાજિક અહંમ્‌વિકાસની આઠ અવસ્થાઓ દર્શાવે છે. તેઓ જણાવે છે કે વિકાસની આ બધી જ અવસ્થાઓ ક્રમસર આવ્યા કરે છે, જેના દ્વારા વ્યક્તિનો જૈવિક અને સામાજિક વિકાસ શક્ય બને છે.

**[2] વ્યક્તિત્વના વિકાસ અંગેનો મનોસામાજિક સિદ્ધાંત**

એરિકસન મનોસામાજિક સિદ્ધાંતના તબક્કાનાં લક્ષણો નીચે મુજબ જણાવે છે :

(i) વ્યક્તિના જીવનમાં કોઈ એક તબક્કે સંક્રાન્તિકાળ (turning point) આવે છે, જે વ્યક્તિની પરિપક્વતા અને સામાજિક જરૂરિયાતના ફળસ્વરૂપે વ્યક્તિમાં ઉદ્‌ભવે છે.

(ii) મનોસામાજિક અવસ્થાની સંક્રાન્તિને વ્યક્તિએ દૂર કરીને તેનું સમાધાન કરવું પડે છે. આથી વ્યક્તિમાં એક વિશેષ શક્તિ ઉદ્‌ભવે છે.

(iii) મનોસામાજિક વિકાસની દરેક અવસ્થામાં કર્મકાંડતા જોવા મળે છે, એટલે કે સમાજના અન્ય સભ્યો સાથેની આંતરક્રિયા, જીવનની મહત્ત્વપૂર્ણ બાબતો માટેનાં કાર્યો, વ્યક્તિનું ધ્યાન પોતાના પર કેન્દ્રિત કરવું, વગેરે.

**[3] વિકાસની અવસ્થાઓ**

એરિકસને વ્યક્તિત્વના વિકાસની આઠ અવસ્થાઓ (તબક્કાઓ) આપી છે, જે નીચે પ્રમાણે છે :

| | અવસ્થાઓ | વય |
|---|---|---|
| (1) | શૈશવ અવસ્થા | જન્મથી 1 વર્ષ |
| (2) | પ્રારંભિક બાલ્યાવસ્થા | 1-3 વર્ષ |
| (3) | ખેલકૂદ અવસ્થા | 3-6 વર્ષ |
| (4) | શાળા અવસ્થા | 6-11 વર્ષ |
| (5) | કિશોરાવસ્થા | 12-19 વર્ષ |
| (6) | આરંભિક પુખ્તાવસ્થા | 20-23 વર્ષ |
| (7) | મધ્ય પુખ્તાવસ્થા | 30-60 વર્ષ |
| (8) | પરિપક્વતા | 65થી ઉપરની વય |

**(1) શૈશવ અવસ્થા : વિશ્વાસ વિરુદ્ધ અવિશ્વાસ**

**(Infancy: Trust versus Mistrust) :**

આ અવસ્થા જન્મથી એક વર્ષ સુધી ચાલે છે. એરિકસનની આ અવસ્થા

ફ્રોઈડની મુખ અવસ્થા સાથે મળતી આવે છે. આ અવસ્થામાં બાળકમાં વિશ્વાસની ભાવનાનો વિકાસ થાય છે. માતા દ્વારા બાળકની દેખભાળ કેવી રીતે થાય છે, તેના પરથી બાળકમાં વિશ્વાસ-અવિશ્વાસ ઉદ્ભવે છે. જો માતા બાળકની સંપૂર્ણ દેખરેખ કરતી હોય, બાળકનો પ્રેમથી ઉછેર કરતી હોય, તો બાળકમાં વિશ્વાસ જન્મે છે. જો માતા દ્વારા બાળકનો ઉત્તમ ઉછેર થતો નથી, બાળકનો તિરસ્કાર થાય છે ત્યારે બાળકમાં અવિશ્વાસની લાગણી જન્મે છે. આ રીતે બાળક ધીરે-ધીરે પોતાના સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણને અને પોતાના અસ્તિત્વને સારી રીતે સમજી શકે છે.

**(2) પ્રારંભિક બાલ્યાવસ્થા : સ્વતંત્રતા વિરુદ્ધ શરમ**

**(Early Childhood: Autonomy versus Shame) :**

એરિક્સને દર્શાવેલી આ અવસ્થા લગભગ 2 થી 3 વર્ષની ઉંમર સુધીની હોય છે. તે ફ્રોઈડની ગુદા અવસ્થા સાથે મળતી આવે છે. જો પ્રથમ અવસ્થામાં બાળક વિશ્વાસ કેળવી શકે, તો બીજી અવસ્થામાં તેનામાં સ્વતંત્રતાનો ગુણ વિકાસ પામે છે. જ્યારે માતા-પિતા બાળકને કોઈ કામની જવાબદારી સોંપવાને બદલે પોતે જ કામ કરી લે, ત્યારે બાળક કામમાં પોતાની ક્ષમતા નથી એવું સ્વીકારીને શરમ અનુભવે છે. આ શરમની સાથે-સાથે બાળકમાં પોતાના કાર્ય પ્રત્યે શંકા, જીવનની વ્યર્થતા, શક્તિહીનતા વગેરે મનોસામાજિક વલણોનો વિકાસ થાય છે. જ્યારે બાળક સ્વતંત્રતા વિરુદ્ધ શરમના સંઘર્ષનું સફળતાપૂર્વક સમાધાન કરી લે ત્યારે તેનામાં ઇચ્છાશક્તિનો જન્મ થાય છે. આ ઇચ્છાશક્તિ બાળકમાં સ્વતંત્રતાના ગુણો વિકસાવે છે અને પોતાની પસંદગી અનુસાર કાર્ય કરવામાં મદદ કરે છે.

**(3) ખેલકૂદ અવસ્થા : શરૂઆતનો વિકાસ વિરુદ્ધ દોષ**

**(Play Stage: Earlier Development versus Misconduct) :**

આ અવસ્થા લગભગ 3 થી 6 વર્ષની ઉંમર સુધીના ગાળામાં ગણાય છે. આ અવસ્થા ફ્રોઈડની લિંગપ્રધાન અવસ્થાને મળતી આવે છે. આ અવસ્થામાં બાળકને બીજાનાં કાર્યો કરવામાં ખૂબ જ આનંદ આવે છે, જવાબદારીનું વહન કરવામાં મજા આવે છે. બાળક એવું અનુભવે છે કે પોતે પણ એક એવું વ્યક્તિત્વ છે કે જેનું વિશેષ વ્યક્તિત્વ છે, પરંતુ જ્યારે બાળકોને માતા-પિતા દ્વારા અમુક સામાજિક કાર્યોની જવાબદારી સોંપવામાં ન આવે ત્યારે તેઓ દ્વેષભાવ અનુભવે છે. એરિક્સન મુજબ આ દ્વેષભાવ જો ચાલુ જ રહે તો બાળકમાં મનોવિકૃત ક્રિયાની

પ્રવૃત્તિઓ પણ જોવા મળે છે. આ અવસ્થામાં બાળકમાં નાટક ભજવવા દ્વારા જુદી-જુદી ભૂમિકા ભજવવાની ક્ષમતાનો વિકાસ થાય છે.

(4) શાળા અવસ્થા : ઉદ્યમ વિરુદ્ધ લઘુતા

**(School Age: Industry versus Inferiority) :**

એરિકસન જણાવે છે કે શાળા અવસ્થા 6 થી 11 વર્ષ સુધીની હોય છે. તે ફ્રોઇડના સુષુપ્ત તબક્કાને મળતી આવે છે. બાળક શાળામાં જઈને શિક્ષકો અને સહાધ્યાયી મિત્રો પાસેથી જુદાં-જુદાં કૌશલ્યો શીખે છે, તેનામાં ઉદ્યમ કરવાનો ભાવ વિકાસ પામે છે. શિક્ષકો બાળકોને પ્રોત્સાહન આપે છે. આથી બાળકો વધુ પ્રમાણમાં કૌશલ્યો વિકસાવવા તરફ ધ્યાન આપે છે, પરંતુ જો બાળકો આવાં વિવિધ કૌશલ્યોમાં અસફળ રહે તો તેઓમાં લઘુતાગ્રંથિ બંધાય છે. કેટલીક વાર બાળકોમાં જ્ઞાતિ કે જાતિના આધારે પણ લઘુતાગ્રંથિ ઉદ્ભવે છે. જ્યારે આ ઉદ્યમ વિરુદ્ધ લઘુતાગ્રંથિના સંઘર્ષનું સમાધાન થાય ત્યારે બાળકમાં વિશેષરૂપે મનોસામાજિક શક્તિ ઉદ્ભવે છે, જેથી તે પોતાની શારીરિક અને બૌદ્ધિક ક્ષમતાઓનો ઉચિત ઉપયોગ કરવાનું સામર્થ્ય મેળવે છે.

(5) કિશોરાવસ્થા : અહમ્ ઓળખ વિરુદ્ધ ભૂમિકા ભ્રમ

**(Adolescence Age: Ego Identity versus Role Confusion) :**

એરિક્સને જણાવેલી તબક્કાવાર અવસ્થા મુજબ કિશોરાવસ્થા 12 થી 19 વર્ષ સુધીની હોય છે. આ અવસ્થામાં કિશોર-કિશોરી અત્યાર સુધી પોતે મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરીને સ્વ-ઓળખ બનાવવાનો પ્રયત્ન કરે છે. બાલ્યાવસ્થાના ખરાબ અનુભવો કે વર્તમાન પ્રતિકૂળ પરિસ્થિતિઓ સતત ચાલ્યા કરે, તો કિશોર-કિશોરીઓ સ્વ-પ્રત્યક્ષીકરણ યોગ્ય રીતે કરી શકતાં નથી. જેના પરિણામે ભૂમિકા ભ્રમ ઉદ્ભવે છે. તેઓ પોતાના માટે નિષેધક ઓળખ અનુભવે છે, ઉદ્દેશ્યહીનતા, વ્યક્તિગત વિઘટન કે વ્યર્થતાની ભાવના અનુભવે છે. આવી ભ્રમયુક્ત ભૂમિકા વધુ લાંબા સમય સુધી ચાલુ રહે તેવું તેઓ ઇચ્છે છે. એરિકસન તેને મનોસામાજિક વિલંબન તરીકે ઓળખાવે છે.

(6) આરંભિક પુખ્તાવસ્થા : ઘનિષ્ઠતા વિરુદ્ધ અલગાવ

**(Early Adulthood: Intimacy versus Isolation) :**

એરિકસન જણાવે છે કે આ અવસ્થા 20 થી 30 વર્ષ સુધીની હોય છે. વ્યક્તિ લગ્ન કરે છે અને ગૃહજીવનમાં પ્રવેશે છે. તે સામાજિક અને કૌટુંબિક ઘનિષ્ટ સંબંધો બાંધે છે. જો આ અવસ્થામાં ઘનિષ્ઠ સંબંધ બાંધી ન શકાય તો

વ્યક્તિમાં અસામાજિકતા કે મનોવિકૃતિ ઉદ્ભવે છે. તેઓ કામધંધા પ્રત્યે રસ દાખવતા નથી, તેઓ જે સંબંધો બાંધે છે તે લાગણી વગરના હોય છે. જો વ્યક્તિ ઘનિષ્ઠતા વિરુદ્ધ અલગાવના સંઘર્ષનો સામનો કરવામાં સફળ નીવડે છે, તેઓમાં સ્નેહ કે પ્રેમની શક્તિ ઉદ્ભવે છે. આવા લોકો બીજા પ્રત્યે પ્રેમ દર્શાવે છે, મિત્રતા રાખે છે અને સારા સંબંધો બાંધે છે.

**(7) મધ્ય પુખ્તાવસ્થા : ઉત્પાદકતા વિરુદ્ધ સ્થિરતા**

**(Middle adulthood: Generativity versus Stagnation) :**

એરિક્સને દર્શાવેલી આ અવસ્થા લગભગ 30 થી 60 વર્ષ સુધી ચાલે છે. આ અવસ્થામાં વ્યક્તિમાં સર્જનાત્મક શક્તિ કે ઉત્પાદન શક્તિનો ભાવ ઉત્પન્ન થાય છે. આ શક્તિ એટલે હવે પછીની પેઢીના બાળકોના કલ્યાણની ભાવના તથા સમાજને ઉન્નત બનાવવાની ઇચ્છા. જો આવી ઇચ્છા વ્યક્તિમાં ન ઉદ્ભવે તો તેવા વ્યક્તિઓની સ્થિરતા ઉત્પન્ન થવાનો ડર વધે છે, બીજી પેઢીના બાળકો વિશે ચિંતા રહેતી નથી. વળી, તેઓ પોતાનાં જ સુખ-સગવડો માટે કાર્યરત રહે છે.

આ અવસ્થામાં ઉત્પાદકતા વિરુદ્ધ, સ્થિરતાના સંઘર્ષનું સફળતાપૂર્વક સમાધાન થાય, ત્યારે વ્યક્તિમાં વિશેષ મનોસામાજિક શક્તિ ઉદ્ભવે છે, જેને 'સંભાળ' એવું નામ એરિક્સન આપે છે. આવી વ્યક્તિઓ નવી પેઢીના બાળકોના વિકાસ માટે તત્પર રહે છે.

**(8) પરિપક્વતા : અહમ્ સંપૂર્ણતા વિરુદ્ધ નિરાશા**

**(Maturity: Ego Integrity versus Despair) :**

એરિક્સન જણાવે છે કે પરિપક્વતા એ વ્યક્તિના જીવનની અંતિમ અવસ્થા છે, જે લગભગ 65 વર્ષથી મૃત્યુ સુધીની ગણાય છે. આ ઘડપણની અવસ્થા તરીકે પણ ઓળખાય છે. એરિક્સન જણાવે છે કે આ અવસ્થામાં વ્યક્તિ ભવિષ્યના બદલે ભૂતકાલીન બનાવો; સફળતા-અસફળતાઓ વગેરે પર વધુ ધ્યાન આપે છે. જે વ્યક્તિઓ પોતાના ભૂતકાળમાં વધુ સફળ ન થઈ શક્યા હોય તેઓ નિરાશા અનુભવે છે, તેઓ પોતાને નિઃસહાય કે નિર્બળ સમજે છે અને જે લોકો આ અવસ્થામાં સમન્વય સ્થાપી શકે, તો તેઓની જિંદગી સાર્થક થઈ હોય તેવું તેઓ અનુભવે છે. તેઓ પોતાનાં પુત્ર-પુત્રી કે પૌત્ર-પૌત્રીની સાથે રહીને આનંદથી સમય પસાર કરે છે. આમ, જીવનની છેલ્લી અવસ્થા સુધી તબક્કાવાર જીવન ચાલ્યા કરે છે.

### [4] ઉપસંહાર

આમ, એરિક એરિકસને વ્યક્તિના જીવનના વિકાસના વિવિધ તબક્કાઓ વિગતે દર્શાવ્યા છે. દરેક તબક્કાએ વ્યક્તિનો મનોજાતીય વિકાસ યોગ્ય રીતે થાય તો વ્યક્તિત્વનો વિકાસ જૈવિક પરિપક્વતા તથા સામાજિક અને ઐતિહાસિક બળોની આંતરક્રિયાના ફળસ્વરૂપે થાય છે.

## [3] વર્તનવાદ અને સામાજિક શિક્ષણનો સિદ્ધાંત

**□ પ્રશ્ન 3. પરંપરાગત વર્તનવાદ અને સામાજિક શિક્ષણના સિદ્ધાંતની ચર્ચા કરો.**

**અથવા**

**સામાજિક શિક્ષણનો સિદ્ધાંત સમજાવી, તેનું પ્રદાન અને તેની મર્યાદાઓ જણાવો.**

**જવાબના મુદ્દાઓ**

(1) પરંપરાગત વર્તનવાદ (2) સામાજિક શિક્ષણનો સિદ્ધાંત (3) પ્રદાન અને મર્યાદાઓ

### [1] પરંપરાગત વર્તનવાદ

પ્રખ્યાત રશિયન મનોવૈજ્ઞાનિક ઇવાન પાવલોવની પ્રાણીઓ પર પ્રયોગો કરવાની વાતથી વોટસન પ્રેરિત થયા હતા. પાવલોવે પોતાના પ્રયોગમાં જોયું કે કૂતરાને ખાવાનું આપીએ એટલે એ લાળ પાડે છે, પરંતુ પ્રયોગો દરમિયાન પાવલોવે જોયું કે કૂતરો ખાવાનું શરૂ કર્યા પહેલાં લાળ પાડવાની ક્રિયા કરે છે, એટલે કે કૂતરો ખોરાક જુએ છે અને તેના મોંમાંથી લાળ ઝરે છે. આ અભિસંધાન તપાસ્યા પછી પાવલોવે વધુ ને વધુ વિવિધતાભર્યા પ્રયોગો કર્યા. તેણે પ્રયોગો દ્વારા સાબિત કર્યું કે કૂતરાને ખોરાક આપતાં પહેલાં બેલ વગાડવામાં આવે, તો એક તબક્કાએ માત્ર બેલનો અવાજ સાંભળવાથી કૂતરાના મોંમાંથી લાળ ઝરવાની પ્રક્રિયા જોવા મળે છે. આ પ્રક્રિયાને પાવલોવે **શાસ્ત્રીય અભિસંધાન** નામ આપ્યું.

વોટસને આ પ્રયોગનો આધાર લઈ બાળકો પર પ્રયોગો કર્યા. તેમણે પોતાની પત્ની રેનર (Rayner) સાથે મળી **1920માં આલ્બર્ટ (Albert)** નામના બાળક પર પ્રયોગ કર્યો, જેમાં બાળકના **'ડર'** પ્રત્યે અભિસંધાન જોવામાં આવ્યું. તેમણે એક

સફેદ ઉંદર લીધો અને બાળક સામે સફેદ ઉંદર તથા મોટો અવાજ એકસાથે રજૂ કરવામાં આવ્યા. આ પ્રમાણે કેટલાય પ્રયોગો સુધી સતત સફેદ ઉંદર અને મોટો અવાજ એક સાથે રજૂ કરવામાં આવ્યા. આ બંને ઉદ્દીપકોનું બાળકમાં અભિસંધાન થવાથી બાળક માત્ર સફેદ ઉંદરને જોઈને રડવા લાગ્યું. આ અભિસંધાન થયા પછી આલ્બર્ટ સફેદ કોટ, સફેદ રૂંવાટી વગેરે જોઈને પણ 'ડર'ની પ્રતિક્રિયા આપતો હતો.

વોટસન પછી તેના વર્તનવાદને આગળ વધારવામાં કેટલાક તેમના અનુયાયીઓએ મોટું યોગદાન આપ્યું, જેમાંના એક છે – ક્લાર્ક એલ. હલ. હલના મત મુજબ વ્યક્તિ પોતાનો તણાવ ઘટાડવા માટે સતત કાર્ય કરે છે. બાળક પોતાની સંભાળ રાખનાર માતા-પિતાનું ધ્યાન આકર્ષિત કરવાનું અથવા સતત પોતાની પાસે રાખવાનું વધુ પસંદ કરે છે અને આ માટે માતા-પિતાનું કહ્યું માનીને પ્રામાણિકતા, ધીરજ, આજ્ઞાંકિતતા વગેરે ગુણો વિકસાવે છે.

ત્યારબાદ વર્તનવાદમાં બી. એફ. સ્કીનરે ફાળો આપ્યો. તેમણે જણાવ્યું કે બાળક માત્ર પ્રાથમિક જરૂરિયાતો માટે જ માતા-પિતાની આજ્ઞા પાળવાનું પસંદ કરતું નથી, પરંતુ તેને કેવું પ્રબલન મળે છે તેના આધારે તે વર્તન કરે છે. જો વિધાયક પ્રબલન મળે તો બાળકનું શિક્ષણ દૃઢ થાય છે અને નિષેધક પ્રબલન મળે તો શિક્ષણ થતું નથી.

આમ, વોટસન પછીના વર્તનવાદી મનોવૈજ્ઞાનિકોએ વર્તનવાદને આગળ વધારવામાં પોતાનો ફાળો આપ્યો.

## [2] સામાજિક શિક્ષણનો સિદ્ધાંત

**સામાજિક શિક્ષણનો સિદ્ધાંત (Social Learning Theory)** આલ્બર્ટ બાન્ડુરાએ આપ્યો. આ સિદ્ધાંત વ્યક્તિ વાતાવરણમાં સમાયોજિત થવા માટેની જે વર્તનભાતો શીખે છે તેના પર ભાર મૂકે છે. આ સિદ્ધાંત પ્રમાણે વર્તન એ વ્યક્તિગત અને વાતાવરણજન્ય પરિવર્ત્યો વચ્ચેની સતત આંતરક્રિયાનું પરિણામ છે. શિક્ષણ દ્વારા વાતાવરણની પરિસ્થિતિઓ વર્તનને ઘડે છે અને વ્યક્તિનું વર્તન વાતાવરણને ઘડે છે. આ રીતે વ્યક્તિ અને વાતાવરણ એકબીજાને અસર કરે છે. જેમાં વ્યક્તિગત ભિન્નતાઓ અને વિશિષ્ટ પરિસ્થિતિઓ દ્વારા વર્તનની આગાહી કરી શકાય છે.

સામાજિક શિક્ષણના સિદ્ધાંત મુજબ બાળપણમાં શિક્ષણ અંગે વિવિધ સ્વરૂપો પ્રાપ્ત થવાથી વ્યક્તિગત ભિન્નતાઓ વિકસે છે. કેટલીક વ્યક્તિગત ભિન્નતાઓ

બહલો, શિક્ષા કે અનુભવો દ્વારા પણ વિકાસ પામે છે. આ આખી પ્રક્રિયા અપર્યાપ્ત અને ધીમી પ્રક્રિયા છે. વ્યક્તિ પાસે વ્યાપક રીતે માહિતીનો ભંડાર ભરેલો હોય છે, જેમાંથી જે-તે સમયે અને જે-તે પરિસ્થિતિમાં તે વિશિષ્ટ વર્તન કરે છે. જેમકે, છોકરીઓ પોતાની મિત્રો કે ટી.વી.નાં પાત્રોને જોઈને ઝઘડતાં શીખે છે ખરા, પણ આવું આક્રમક વર્તન ભાગ્યે જ દાખવે છે. આમ, અસાધારણ પરિસ્થિતિ સિવાય વિશિષ્ટ વર્તન ઉદ્ભવતું નથી.

જોકે સમગ્ર વ્યક્તિત્વના ઘડતરમાં શિક્ષિત વર્તન કેવી રીતે સુગ્રથિત થાય છે, તેનો ખ્યાલ આ સિદ્ધાંત દ્વારા મેળવી શકાતો નથી; છતાં તેના પાયાના સિદ્ધાંતો સ્વીકારાયેલા હોવાથી વ્યક્તિત્વ વિશે માહિતી મેળવી શકાય છે.

**[4] વર્તનવાદ અને સામાજિક શિક્ષણના સિદ્ધાંતનું પ્રદાન અને તેની મર્યાદાઓ**

વર્તનવાદ અને સામાજિક શિક્ષણ સિદ્ધાંતનું સમાજમાં મોટું યોગદાન છે. જો બાળકોનું યોગ્ય સમાજીકરણ ન થાય તો તેનામાં ડર, આક્રમકતા વગેરેનો વિકાસ થાય છે, સાથે-સાથે રોજબરોજની સામાન્ય ક્રિયાઓમાં પણ મુશ્કેલીઓ ઊભી થાય છે. જેમકે સમયપાલનનો અભાવ, નખ કરડવા, ધુમ્રપાન કરવું વગેરે. કેટલાક મનોવૈજ્ઞાનિકો એવું માને છે કે વર્તનવાદ અને સામાજિક શિક્ષણ વાતાવરણ જન્ય બાબતો પર આધાર રાખે છે, જેની બાળકોના શારીરિક અને સામાજિક વિકાસ પર સીધી અસરો પડે છે. જોકે બધા જ મનોવૈજ્ઞાનિકો કરતાં બાન્ડુરાએ બાળકોના વિકાસના તબક્કા વધુ સારી રીતે સમજાવ્યા છે.

## [3] પિયાજેનો બોધાત્મક અને વિકાસાત્મક સિદ્ધાંત

**□ પ્રશ્ન 4. પિયાજેએ દર્શાવેલા બોધાત્મક વિકાસના તબક્કાઓ ચર્ચો.**

**અથવા**

**પિયાજેએ આપેલ બોધાત્મક અને વિકાસાત્મક સિદ્ધાંતની ચર્ચા કરો.**

**જવાબના મુદ્દાઓ**

(1) પ્રાસ્તાવિક (2) પિયાજેએ દર્શાવેલા બોધાત્મક વિકાસના તબક્કાઓ (i) સાંવેદનિક-સ્નાયવિક તબક્કો (ii) પૂર્વ ક્રિયાત્મક તબક્કો (iii) ક્રિયાત્મક તબક્કો (3) મૂલ્યાંકન

## [1] પ્રાસ્તાવિક

સ્વીસ મનોવૈજ્ઞાનિક પિયાજે (Piaget) બાળકના બોધાત્મક વિકાસને સમજાવવા ત્રણ તબક્કા દર્શાવિ છે. તેઓ જણાવે છે કે નવજાત શિશુને પોતાનું શરીર એ 'મારું' છે અને જે ઘોડિયામાં સૂતું છે એ મારા શરીરનો ભાગ નથી એવી સમજ હોતી નથી. જેમ-જેમ બાળક મોટું થાય છે તેમ-તેમ તેનું પ્રત્યક્ષીકરણ વિકાસ પામે છે અને તેને આસપાસના વાતાવરણનો, વ્યક્તિઓનો, વસ્તુઓનો વગેરેનો બોધ થાય છે. આ બોધ કેવા તબક્કામાં થાય છે તે જોઈએ.

## [2] પિયાજેએ દર્શાવેલા બોધાત્મક વિકાસના તબક્કાઓ

| તબક્કા | વય |
|---|---|
| (1) સાંવેદનિક-સ્નાયવિક તબક્કો | જન્મથી બે વર્ષ |
| (2) પૂર્વ-ક્રિયાત્મક તબક્કો | 2 થી 7 વર્ષ |
| (3) ક્રિયાત્મક તબક્કો | 7 થી 12 વર્ષ |
| (a) પદાર્થલક્ષી ક્રિયાત્મક તબક્કો | 12 થી વધુ વય |
| (b) આકૃતિક ક્રિયાત્મક તબક્કો | |

**(1) સાંવેદનિક-સ્નાયવિક તબક્કો (Sensorimotior Stage) :**

પિયાજે પ્રમાણે જન્મથી બે વર્ષ સુધીનો આ તબક્કો છે. બાળક આ તબક્કામાં વિવિધ સંવેદનો અને ચેષ્ટાત્મક વર્તન વચ્ચેના સંબંધો શીખે છે. આઠ માસના બાળકની સામે રમકડું સંતાડી દેવામાં આવે તો તે કોઈ પ્રતિક્રિયા આપતું નથી, પરંતુ દસ માસના બાળક સાથે આવું વર્તન કરવાથી બાળક રમકડું શોધવા માટેના પ્રયત્ન કરે છે. આમ, બાળક જેમ-જેમ મોટું થાય તેમ-તેમ પદાર્થનું સાતત્ય શીખે છે. પિયાજે આ તબક્કાને છ પેટાતબક્કામાં વહેંચે છે : (i) જન્મનો પ્રથમ માસ (ii) બેથી ચાર માસ (iii) ચારથી આઠ માસ (iv) આઠથી બાર માસ (v) બારથી અઢાર માસ (vi) અઢારથી વીસ માસ.

જોકે પિયાજે આ ચોક્કસ તબક્કાના વિકાસનો ક્રમ દર્શાવિ છે, તે સર્વસ્વીકૃત નથી, કારણ કે બાળક ઉપરના છ તબક્કામાં ભેદ પાડી શકાય તે રીતે જ વિકસતું નથી.

(2) **પૂર્વ ક્રિયાત્મક તબક્કો (Pro-Operational Stage) :**

પિયાજે મુજબ, બેથી સાત વર્ષના ગાળાને પૂર્વ ક્રિયાત્મક તબક્કો કહેવાય છે. આ સમયે બાળકને પ્રક્રિયાઓ કે નિયમોની જાણકારી હોતી નથી. આ તબક્કે બાળક કોઈપણ ચીજવસ્તુની ગોઠવણી, આકાર વગેરેને ધ્યાનમાં રાખે છે, પરંતુ તેનાં વજન કે દળને ધ્યાનમાં રાખતાં નથી. જો એકસરખા માટીના ગોળામાંથી એક વેલણનો આકાર અને એક ગોળ આકાર એમ બે રજૂ કરવામાં આવે, તો બાળક વસ્તુના આકારને ધ્યાનમાં રાખી વેલણ આકારને વધુ દળદાર બતાવે છે. જોકે પિયાજે જણાવે છે કે સાત વર્ષની ઉંમરના ઘણા બાળકો આ ભેદ પારખી શકે છે. સાત વર્ષથી મોટાં કે સાત વર્ષનાં બાળકો આકારમાં વધ-ઘટ કરવાથી વસ્તુની સંખ્યામાં વધારો-ઘટાડો પારખી શકે છે.

(3) **ક્રિયાત્મક તબક્કો (Operational Stage) :**

પિયાજે આ તબક્કાને બે વિભાગમાં વહેંચે છે : (i) પદાર્થલક્ષી ક્રિયાત્મક તબક્કો (Concreter Operational Stage) — 7 થી 12 વર્ષ (ii) આકૃતિક ક્રિયાત્મક તબક્કો (Formal Operational Stage) — 12 વર્ષથી વધુ વય

(i) **પદાર્થલક્ષી ક્રિયાત્મક તબક્કો :** આ તબક્કામાં બાળક વજન, દળ વગેરેનો ભેદ પારખી શકે છે. વળી, બાળકમાં સંખ્યાત્મક અને અમૂર્ત (Abstract) વિચારણાની શક્તિ પ્રાથમિક કક્ષાએ જોવા મળે છે. પદાર્થના સંદર્ભ વિનાની અમૂર્ત તર્કક્રિયા હવે પછીના તબક્કામાં દૃઢ બને છે.

(ii) **આકૃતિક ક્રિયાત્મક તબક્કો :** આ તબક્કામાં બાળકની અમૂર્ત તર્કક્રિયાનો વિકાસ થાય છે. બાળક કોઈ ઘટના કે બનાવની સમજૂતી મેળવવા માટે યોગ્ય-અયોગ્યની ચકાસણી કરી શકે છે, વિવિધ સિદ્ધાંતકલ્પનાઓ વિચારી શકે છે. જોકે તેમાં ચોક્કસ સિદ્ધાંતકલ્પનાની હાજરી હોતી નથી. જેમ કે કોઈ એક પરિસ્થિતિમાં સમસ્યાઉકેલ માટેનાં જુદાં-જુદાં પરિબળો બાળક વિચારી શકે. આ દરેક પરિબળની ચકાસણી કરી શકે, પરંતુ ચોક્કસ જવાબ ન પણ મેળવી શકે, તેવું આ તબક્કામાં જોવા મળે છે.

## [3] મૂલ્યાંકન

પિયાજેના આ સિદ્ધાંતને અન્ય મનોવૈજ્ઞાનિકો ટેકો આપે છે, પરંતુ સંપૂર્ણતઃ સ્વીકારતા નથી. અન્ય મનોવૈજ્ઞાનિકો આ ત્રણે તબક્કાઓ અને તે તબક્કાના ક્રમસર વિકાસને સ્વીકારે છે. પરંતુ પિયાજેએ દર્શાવેલી 'વય'ને સ્વીકારવામાં

મતભેદો અનુભવે છે, કારણ કે બાળકના વિકાસમાં પરિપક્વતા, બુદ્ધિઆંક, આવેગ; શિક્ષણ, કૌટુંબિક-સામાજિક વાતાવરણ, આર્થિક પરિસ્થિતિ વગેરે પરિબળો અસર કરે છે. આમ, વ્યક્તિગત ભિન્નતાઓ ઉદ્ભવે છે, જેના કારણે તબક્કાવાર વયમર્યાદા દરેક બાળક પર લાગુ પાડી શકાય નહિ. કેટલાંક બાળકો નાની ઉંમરમાં ગાણિતિક શક્તિ કેળવે છે, જે અન્ય કેટલાક બાળકોમાં યુવાવસ્થાએ પણ જોવા મળતી નથી. આમ, આધુનિક સંશોધકો માને છે કે પિયાજેએ વયના આ તબક્કામાં બાળકોની શક્તિને ઓછી આંકી છે.

એકંદરે, બાળકના વિકાસને વ્યાપક રીતે સમજવા માટે કોઈ એક સિદ્ધાંત હોવો જરૂરી છે. ત્યારે પિયાજેના બોધાત્મક વિકાસના તબક્કાનો અભ્યાસ મનોવિજ્ઞાનમાં ઉપયોગી સાબિત થાય છે.

## ટૂંકનોંધો

❑ **નીચેના વિશે ટૂંકનોંધ લખો.**

**(1) ફ્રોઈડના મતે વ્યક્તિત્વ બંધારણ :**
**ઈડ, અહમ અને ઉપરી અહમ્ :**
જુઓ પ્રશ્ન નં. 1ના ઉત્તરનો બીજો મુદ્દો

**(2) ફ્રોઈડે આપેલા મનોજાતીય વિકાસના તબક્કાઓ :**
જુઓ પ્રશ્ન નં. 1ના ઉત્તરનો ચોથો મુદ્દો

**(3) એરિકસને આપેલા જન્મથી 11 વર્ષ સુધીના બાળવિકાસના તબક્કાઓ :**
જુઓ પ્રશ્ન નં. 2ના ઉત્તરનો ત્રીજો મુદ્દો (1 થી 4)

**(4) પરંપરાગત વર્તનવાદ :**
જુઓ પ્રશ્ન નં. 3ના ઉત્તરનો પહેલો મુદ્દો

**(5) સામાજિક શિક્ષણનો સિદ્ધાંત :**
જુઓ પ્રશ્ન નં. 3ના ઉત્તરનો બીજો મુદ્દો

**(6) પિયાજેએ દર્શાવેલા બોધાત્મક વિકાસના તબક્કાઓ :**
જુઓ પ્રશ્ન નં. 4ના ઉત્તરનો બીજો મુદ્દો

❑